ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૦૩.૦૪.૨૦૧૯

-----------

**ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહને જંગી બહુમતીથી વિજયી બનાવવા માટે ગાંધીનગર લોકસભા મતવિસ્તારના લોકોનું પ્રચંડ સમર્થન**

-----------

**ગાંધીનગર લોકસભા વિસ્તારમાં ભાજપાના ઘર-ઘર સંપર્ક અભિયાનને જનતાનો ઐતિહાસિક આવકાર**

-----------

ગાંધીનગર લોકસભા મતવિસ્તારના ભાજપા મિડીયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહે ભવ્ય રોડ શો યોજીને પોતાનું ઉમેદવારી પત્રક દાખલ કર્યું ત્યારથી જ તેમનો ભવ્ય વિજય નક્કી થઇ ગયો છે. ગાંધીનગર લોકસભાના સાણંદ, વેજલપુર, ઘાટલોડીયા, નારણપુરા, સાબરમતી, ગાંધીનગર ઉત્તર અને કલોલ વિધાનસભા વિસ્તારના કાર્યકરો દ્વારા ઘર ઘર સંપર્ક અભિયાનનો પ્રારંભ કરાયો છે. ઘર ઘર સંપર્ક અભિયાનને જનતાનો પ્રચંડ આવકાર મળી રહ્યો છે. 'વંદે માતરમ્' 'ભારત માતા કી જય'ના નારા સાથે કાર્યકરો જનતાની વચ્ચે જઇ રહ્યા છે.

ગાંધીનગર મતવિસ્તાર એ હંમેશા રાષ્ટ્રીય નેતૃત્વને ખોબલે-ખોબલે મત આપીને સક્ષમ અને મજબૂત ભારત બનાવવામાં સહયોગ આપતું આવ્યું છે. એપ્રિલ ૨૩ ૨૦૧૯ના રોજ યોજાનારી લોકસભાની ચૂંટણીમાં ગાંધીનગરના રાષ્ટ્રવાદી મતદારો માટે સોનામાં સુગંધ ભળી છે. ભાજપાના નારણપુરા વિસ્તારના બુથલેવલના કાર્યકરથી ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે સફળ કાર્ય કરી રહેલા શ્રી અમિતભાઇ શાહ લોકસભાના ઉમેદવાર તરીકે મળ્યા છે. ગાંધીનગર બેઠક પરથી શ્રી અમિતભાઇ શાહને જંગી બહુમતીથી વિજયી બનાવવા માટે કાર્યકરો અને મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે તેમજ ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકોનું પ્રચંડ સમર્થન પ્રાપ્ત થઇ રહ્યું છે.

ગાંધીનગર લોકસભા મતક્ષેત્રમાંથી ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી સ્વ. અટલ બિહારી વાજપેઇજી ચૂંટાયા હતા. ભારતના નાયબ વડાપ્રધાનશ્રી લાલકૃષ્ણ અડવાણીજી ચૂંટાયા હતા. ૨૩ મેના રોજ ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ પણ જંગી બહુમતીથી વિજેતા થશે.

૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં આ લોકસભા ક્ષેત્રની ૭ માંથી ૫ બેઠકો પર ભાજપા નોંધપાત્ર મતોની સરસાઇથી જીત્યું છે. તેનાથી અનેક ગણી સરસાઇથી સાતેય વિધાનસભા બેઠકો પર ભાજપા જીતશે. જે નિશ્ચિત છે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૦૩.૦૪.૨૦૧૯

-----------

આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી તથા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની ઉપસ્થિતિમાં છોટાઉદેપુર લોકસભા બેઠકના ભાજપાના મહિલા ઉમેદવાર શ્રીમતી ગીતાબેન રાઠવાએ નામાંકન પત્ર ભર્યું.

-----------

દેશની જનતા આતંકવાદથી ત્રસ્ત છે, ત્યારે કોંગ્રેસે તેના ચૂંટણી ઢંઢેરામાં આતંકવાદને સમર્થન આપવાનું મહાપાપ કર્યું છે
- શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કોંગ્રેસના શાસનમાં દુનિયા સમક્ષ ભારતની ખરડાયેલી છબીને સુધારી, ભ્રષ્ટાચાર રૂપી બદનામીમાંથી બહાર લાવી, વિશ્વ સમક્ષ દેશનની આગવી ઓળખ ઉભી કરી, ના મુમકીનમાંથી મુમકીન કરી બતાવ્યું.
- શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

કોંગ્રેસે આદિવાસી જેવા ભોળા સમાજને ખોટા વચનો આપીને માત્ર તેમની વોટબેંક ઉભી કરવાનો પ્રયત્ન કર્યો છે
- શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

કોંગ્રેસની નાવ તેના ખોટા વચનો, ભ્રષ્ટાચાર અને પરિવારવાદના કારણે જ ડૂબે છે. – શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર ઉદ્યોગપતિઓ કે એક જ પરિવારની સરકાર નથી કે રીમોટ કન્ટ્રોલથી ચાલતી સરકાર નથી.
- શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

ઇટાલીયન મામા અને વચેટીયાઓ મળીને દરેક સોદામાંથી કટકી કરી રહ્યાં હતાં, જે હવે બિલકુલ બંધ થઇ ગયેલ છે. વચેટીયાઓનો ધંધો ફરીથી ચાલુ થાય તે માટે કોંગ્રેસ સત્તા મેળવવા માટે ધમપછાડા કરે છે.
- શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

કોંગ્રેસ વાયદા કરે છે, જ્યારે અમે વ્યવસ્થા કરીએ છીએ. – શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી તથા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી આજરોજ છોટાઉદેપુર લોકસભા બેઠકના ભાજપાના મહિલા ઉમેદવાર શ્રીમતી ગીતાબેન રાઠવાના નામાંકન સમયે ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રીમતી રાઠવાના નામાંકન સમયે છોટાઉદેપુરના સાંસદ કે જેઓ છેલ્લા ૨૫ વર્ષથી વધુ સમયથી સેવા કરનાર શ્રી રામસિંહભાઇ રાઠવા, પ્રદેશ મહામંત્રીશ્રી શબ્દશરણભાઇ બ્રહ્મભટ્ટ, ભાજપાના પ્રદેશ અગ્રણીશ્રીઓ, જીલ્લા/મહાનગરના પ્રમુખ/મહામંત્રીશ્રીઓ, મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યો અને ભાજપાના હજારો સંનિષ્ઠ કાર્યકરોની ઉપસ્થિતીમાં એક ભવ્ય રોડ શોનું આયોજન કરવામાં આવેલ હતું.

આદરણીય મુખ્યમંત્રીશ્રીએ એક વિશાળ જનમેદનીને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, છોટાઉદેપુર લોકસભા બેઠકના ઉમેદવાર શ્રીમતી ગીતાબેન રાઠવા ભારે બહુમતીથી વિજયી બનશે. ૨૦૧૪ પહેલાં ૧૦ વર્ષ સુધી કોંગ્રેસ અને યુ.પી.એ. સરકારના મુક પ્રધાનમંત્રી શ્રી મનમોહનસિંહની સરકાર સોનીયા ગાંધીના રીમોટ કન્ટ્રોલથી ચાલતી હતી. યુ.પી.એ.ના શાસનમાં દેશ લુટાયો, અનેક કૌભાંડો થયાં, ખૂબ જ ભ્રષ્ટાચાર થયો. એક ડઝન જેટલાં મંત્રીઓ જેલમાં ગયા,

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



ભારત દેશ દુનિયામાં ભ્રષ્ટાચારી દેશ તરીકે બદનામ થયો. યુ.પી.એ.ને પેરાલીસીસ થઇ ગયો હતો. લોકોમાં હતાશા, નિરાશા હતી, ત્યારે ભારત દેશને દુનિયા સમક્ષ ભ્રષ્ટાચાર રૂપી બદનામીમાંથી બહાર લાવી, દેશની દુનિયા સમક્ષ આગવી ઓળખ અપાવી ના મુમકીનમાંથી મુમકીન કરી બતાવ્યું. દેશની મહિલાઓને શક્તિનું સ્વરૂપ માનવામાં આવે છે, ત્યારે દુર્ગા જેવી શક્તિશાળી ભારતમાતા બને અને લક્ષ્મી જેવી સમૃધ્ધિવાળી બને તેવા રાષ્ટ્રના નિર્માણ માટે ભારતના સપૂત એવા શ્રી નરેન્દ્રભાઇ મોદી કટીબધ્ધ છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કહ્યું હતું કે, હું પ્રધાનમંત્રી નહીં, પ્રધાનસેવક છું. મારી સરકાર ગરીબોની, આદિવાસીઓની, વંચિતો, પીડિતો, શોષિતોની છે. તેમણે ગરીબો માટે જનધન યોજના, ઉજાલા યોજના, ઉજ્વલા યોજના, સૌભાગ્ય યોજના, આવાસ યોજના જેવી અનેક યોજનાઓના માધ્યમથી ગરીબો લોકોની સેવા કરી છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ વધુમાં જણાવ્યું કે, આ ઉદ્યોગપતિઓની કે એક જ પરિવારની કે રીમોટ કન્ટ્રોલથી ચાલતી સરકાર નથી. કોંગ્રેસના ગઇકાલે પ્રસિધ્ધ થયેલ ચૂંટણી ઢંઢેરામાં આતંકવાદના સમર્થન સામે શ્રી નરેન્દ્રભાઇ મોદીની આગામી ૨૦૧૯ની લોકસભા ચૂંટણીબાદ રચાતી સરકાર આતંકવાદને દેશમાંથી નશ્યત કરનારી હશે, જે કોંગ્રેસ અને તેના સમર્થનમાં આવતાં પક્ષોને મંજૂર નથી. દેશની જનતા આતંકવાદથી ત્રસ્ત છે, ત્યારે કોંગ્રેસે તેના ચૂંટણી ઢંઢેરામાં આતંકવાદને સમર્થન આપવાનું મહાપાપ કર્યું છે, દેશદ્રોહ કર્યો છે, રાજદ્રોહ કરનારને અમે શિક્ષા નહીં કરીએ, સેનાના કોઇ ઉપરી અધિકારી ઉપર કોઇપણ જાતની પરવાનગી વગર કેસ ચલાવવામાં આવશે. કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલ આવા વચનોથી સેનાનું મોરલ તોડવાનું અને આતંકીઓના આકાને દેશમાં આતંકવાદ ચલાવવાનો છૂટોદોર આપવાનું મહાપાપ દેશની જનતા સમક્ષ કર્યું છે, ત્યારે દેશની જનતા તેઓને કદાપી જનાદેશ નહીં આપે. કોંગ્રેસની નાવ તેના ખોટા વચનો અને પરિવારવાદના કારણે જ ડૂબે છે. કોંગ્રેસે આદિવાસી જેવા ભોળા સમાજને ખોટા વચનો આપીને માત્ર તેમની વોટબેંક ઉભી કરવાનો પ્રયત્ન કર્યો છે. વર્ષો પહેલાંથી જ દેશમાં કોંગ્રેસ અને યુ.પી.એ.ના કુશાસન થકી બેકારીની ફોજ ઉભી થયેલી છે. પૂર્વ વડાપ્રધાન સ્વ. ઇન્દીરા ગાંધીએ ગરીબી હટાવોનું સૂત્ર આપેલ હતું, પરંતુ કુશાસનના પરિણામે ગરીબી હટી નહીં, ગરીબો જ હટી ગયા. પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીએ કબુલ્યુ હતું કે, કેન્દ્રમાંથી નિકળેલો એક રૂપિયો ગરીબો સુધી પહોંચતા ૧૫ પૈસા થઇ જાય છે, પરંતુ વચેટીઓના કારણે ૮૫ પૈસા તેમની સરકારમાં જ ચવાઇ જતાં હતાં. ૨૦૧૪માં વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઇ મોદીએ શાસનની ધુરા સંભાળી ત્યારથી જ વચેટીયાઓને નાબૂદ કરી કેન્દ્રથી નિકળતો પુરેપુરો રૂપિયો સીધા ગરીબોના ખાતામાં જમાં થાય છે. ઇટાલીયન મામા અને વચેટીયાઓ મળીને દરેક સોદામાંથી કટકી કરી રહ્યાં હતાં, જે હવે બિલકુલ બંધ થઇ ગયેલ છે. વચેટીયાઓનો ધંધો ફરીથી ચાલુ થાય તે માટે કોંગ્રેસ સત્તા મેળવવા માટે ધમપછાડા કરે છે.

૨૦૧૪માં શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર આવતાં દેશમાં ગરીબો માટે જનધન એકાઉન્ટ, ગરીબોને મફત ગેસ કનેક્શન, બાર રૂપિયામાં બે લાખનો વિમો જેવી અનેક યોજનાઓને દેશમાં સફળ પ્રતિસાદ મળ્યો છે. ભારત સરકાર દ્વારા જનતા સમક્ષ મૂકવામાં આવેલ આયુષ્યમાન યોજના થકી દેશમાં ૨૫ લાખ કુટુંબોને રૂ. ૫ લાખ સુધીની તબીબી સહાય આપવામાં આવી છે. કોંગ્રેસ વાયદા કરે છે, જ્યારે અમે વ્યવસ્થા કરીએ છીએ. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી દેશનું ભવિષ્ય નક્કી કરશે. જનતા પોતે નક્કી કરશે કે તેઓને આતંકવાદને સમર્થન કરતું કુશાસન જોઇએ છે કે આતંકવાદને દેશમાંથી જાકારો આપી શાંતિ, સલામતી અને સુરક્ષાસભર સુશાસન જોઇએ છે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૩ તા. ૦૩.૦૪.૨૦૧૯

-----------

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને રાજ્યના કેબીનેટ મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા બારડોલી ખાતે લોકસભાના ઉમેદવાર શ્રી પ્રભુભાઇ વસાવાના નામાંકન સમયે ઉપસ્થિત રહ્યાં હતાં**

-----------

**કોંગ્રેસે પોતાના ચૂંટણી ઢંઢેરામાં આતંકવાદીઓની દલાલી કરી રહી છે, તેવું સ્પષ્ટ પણે દેખાઇ આવે છે**

**– શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**પાકિસ્તાન સાથેના સંબંધો માટે મણિશંકર ઐયર અને સામ પિત્રોડા જાણીતા છે – શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**પાકિસ્તાન આ ચૂંટણીથી ચિંતિત છે, કારણ કે ભાજપા આવશે તો પાકિસ્તાનમાં માતમ છવાશે – શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**જેમ સોનું તાપમાં તપીને શુધ્ધ બને છે, તેમ આપ સૌ ગરમીમાં તપીને બારડોલી લોકસભા બેઠકના ઉમેદવાર શ્રી પ્રભુભાઇ વસાવાને જંગી બહુમતીથી જીત અપાવશો – શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

આજરોજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને રાજ્યના કેબીનેટ મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા બારડોલી ખાતે લોકસભાના ઉમેદવાર શ્રી પ્રભુભાઇ વસાવાના નામાંકન સમયે ઉપસ્થિત રહ્યાં હતાં. બારડોલી લોકસભા બેઠકના ઉમેદવારના સમર્થનમાં એક વિશાળ જનમેદનીને સંબોધતા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, આ વખતની ચૂંટણીમાં એક તરફ ચોકીદાર છે, તો બીજી તરફ ચોરોની જમાત છે. એક તરફ દેશને લુંટનારા છે, તો બીજી તરફ દેશ ભક્તોની ફોજ છે. હાલમાં કોંગ્રેસે પોતાના ચૂંટણી ઢંઢેરામાં આતંકવાદીઓની દલાલી કરી રહી છે તેવું સ્પષ્ટપણે દેખાઇ આવે છે. આ ચૂંટણીમાં એક તરફ રાજદ્રોહનો કેસ કાઢી નાંખીશુ તેવું કહેનારા છે, જ્યારે ભાજપા બીજી તરફ દેશમાંથી આતંકવાદીઓ અને ઘુસણખોરોને હાંકી કાઢવા કટિબધ્ધ છે. કોંગ્રેસ બાંગ્લાદેશી ઘુસણખોરો માટે લાલજાજમ પાથરનારી છે, તો બીજી તરફ ઘુષણખોરોને ખદેડી નાંખનારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી છે. એક તરફ હજરત બાલમાં આતંકવાદીઓને બિરયાની પિરસનારાઓ છે, તો બીજી તરફ આતંકવાદીઓનો ખાત્મો કરવા માટેની પ્રચંડ ઇચ્છાશક્તિ ધરાવતા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી છે.

પાકિસ્તાન સાથેના સંબંધો માટે મણિશંકર ઐયર અને સામ પિત્રોડા જાણીતા છે, જે ખુલ્લેઆમ પાકિસ્તાનની તરફેણ કરીને પાકિસ્તાની મીડિયામાં વાહવાહી મેળવી રહ્યાં છે.પાકિસ્તાન આ ચૂંટણીથી ચિંતિત છે કારણ કે, ભાજપા આવશે તો પાકિસ્તાનમાં માતમ છવાશે. મનમોહનસિંહ જે ભારતના મુક વડાપ્રધાન તરીકે ઓળખાય છે, તેમની સરકારમાં દેશમાં ઠેર ઠેર આતંકવાદી હુમલાઓ અને બોમ્બ ધડાકા થતાં હતાં, ત્યારે તેઓ કહેતા કે હમ દેખેંગે - હમ સોચેંગે. જ્યારે ૫૬ની છાતીવાળા આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આતંકવાદી હુમલા બાદ આતંકીવાદી કેમ્પોનો તેમના ઘરમાં ઘુસીને સફાયો કરી નાંખ્યો. રામ મંદિર ભાજપ જ બનાવશે, પછી ભલેને કપિલ સિબ્બલ જેવા તેમાં ગમે તેટલાં અવરોધો ઉભા કરે. કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ દૂર થઇ જાય તેવું દેશવાસીઓ ઇચ્છે છે, જ્યારે કોંગ્રેસ આ કલમ રાખવા માંગે છે.

બારડોલીના લોકો કોંગ્રેસને ધોબી પછાડ આપવા માટે કચકચાવીને ઇ.વી.એમ. ઉપર કમળનું બટન દબાવે. શ્રી નરેન્દ્રભાઇ મોદીને વડાપ્રધાન બનાવવા જ્યારે સૂર્યનારાયણ તપી રહ્યાં છે, ત્યારે જેમ સોનું તાપમાં તપીને શુધ્ધ બને છે, તેમ આપ સૌ ગરમીમાં તપીને બારડોલી લોકસભા બેઠકના ઉમેદવાર શ્રી પ્રભુભાઇ વસાવાને જંગી બહુમતીથી જીત અપાવવા માટે કટીબધ્ધ થશો તેવી મને શ્રધ્ધા છે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૪ તા. ૦૩.૦૪.૨૦૧૯

-----------

**આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી તથા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની ઉપસ્થિતિમાં છોટાઉદેપુર લોકસભા બેઠકના ભાજપાના મહિલા ઉમેદવાર શ્રીમતી ગીતાબેન રાઠવાએ નામાંકન પત્ર ભર્યું.**

-----------

**કોંગ્રેસે પોતાના ચૂંટણી ઢંઢેરામાં દેશને તોડવાની વાત કરી છે, જ્યારે ભાજપા દેશની એકતાની વાત કરે છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**પાકિસ્તાન સ્પોન્સર્ડ આતંકવાદ પ્રવૃત્તિ ખતમ કરવા માટે કોંગ્રેસના મેનીફેસ્ટોમાં ક્યાંય કોઇ જોગવાઇ નથી. – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાથી પાકિસ્તાનમાં ખૂશીનો માહોલ છવાઇ ગયો છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**દેશના જવાનોને અપમાનીત કરવા અને દેશવિરોધી તત્વોને પ્રોત્સાહિત કરવા એ કોંગ્રેસનો સ્વભાવ બની ગયો છે. – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**૨૦૧૯ની ચૂંટણી રાષ્ટ્રવાદ વિરૂધ્ધ રાષ્ટ્રને તોડનારા પરીબળો સામે છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી તથા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી આજરોજ છોટાઉદેપુર લોકસભા બેઠકના ભાજપાના મહિલા ઉમેદવાર શ્રીમતી ગીતાબેન રાઠવાના નામાંકન સમયે ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રીમતી રાઠવાના નામાંકન સમયે છોટાઉદેપુરના સાંસદ કે જેઓ છેલ્લા ૨૫ વર્ષથી વધુ સમયથી સેવા કરનાર શ્રી રામસિંહભાઇ રાઠવા, પ્રદેશ મહામંત્રીશ્રી શબ્દશરણભાઇ બ્રહ્મભટ્ટ, ભાજપાના પ્રદેશ અગ્રણીશ્રીઓ, જીલ્લા/મહાનગરના પ્રમુખ/મહામંત્રીશ્રીઓ, મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યો અને ભાજપાના હજારો સંનિષ્ઠ કાર્યકરોની ઉપસ્થિતીમાં એક ભવ્ય રોડ શોનું આયોજન કરવામાં આવેલ હતું.

પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણીએ છોટાઉદેપુર ખાતે વિશાળ જનસભાને સંબોધતા જણાવ્યું હતુ કે, કોંગ્રેસે પોતાના ચૂંટણી ઢંઢેરામાં દેશને તોડવાની વાત કરી છે, જ્યારે ભાજપા દેશની એકતાની વાત કરે છે. કોંગ્રેસ તેના ચૂંટણી ઢંઢેરામાં દેશદ્રોહ માટેની કલમ ૧૨૪-એ રદ કરવાની વાત કરે છે. તેથી અલગાવવાદી, માઓવાદી, નક્સલવાદીઓને પ્રોત્સાહન મળશે અને દેશમાં આતંકવાદી પ્રવૃત્તિઓમાં વધારો થશે. કોંગ્રેસના આ ચૂંટણી ઢંઢેરાથી પાકિસ્તાનમાં ખૂશીનો માહોલ છવાઇ ગયો છે.

પાકિસ્તાન સ્પોન્સર્ડ આતંકવાદ પ્રવૃત્તિ ખતમ કરવા માટે કોંગ્રેસના મેનીફેસ્ટોમાં ક્યાંય કોઇ જોગવાઇ નથી. દેશના જવાનોને અપમાનીત કરવા અને દેશવિરોધી તત્વોને પ્રોત્સાહિત કરવા એ કોંગ્રેસનો સ્વભાવ બની ગયો છે. આજે તેમના મેનીફેસ્ટોમાં Armed Forces (Special Powers) Acts (AFSPA) ના કાયદાને નાબૂદ કરી દેશની અખંડિતતા અને સાર્વભૌમત્વને જોખમમાં મૂકી આતંકવાદને સમર્થન આપવાનું કામ કોંગ્રેસ કરનાર કોંગ્રેસને દેશની જનતા ચૂંટણી પરિણામોથી જવાબ આપશે. ૨૦૧૯ની ચૂંટણી રાષ્ટ્રવાદ વિરૂધ્ધ રાષ્ટ્રને તોડનારા પરીબળો સામે છે, આવા કટોકટીના સમયે દેશની જનતા રાષ્ટ્રહિત માટે પુનઃ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીને આશીર્વાદ આપશે.

૨૦૧૯ની ઐતિહાસિક ચૂંટણીમાં ગુજરાતમાંથી તમામ ૨૬ કમળ જેમાં ભાજપાના છોટાઉદેપુર લોકસભાના મહિલા ઉમેદવાર શ્રીમતી ગીતાબેન રાઠવાને જંગી બહુમતીથી વિજયી બનાવીને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના હાથ મજબૂત કરવા શ્રી વાઘાણીએ અપીલ કરી હતી.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૫ તા. ૦૩.૦૪.૨૦૧૯

-----------

**શ્રી સુરેન્દ્રકાકાના માર્ગદર્શનમાં વર્ષોથી તૈયાર કરવામાં આવતાં પ્રચાર સાહિત્યમાં ૫૧ પ્રકારની નાની-મોટી ચિજવસ્તુઓનું આજે નિર્દશન કરવામાં આવ્યુ – શ્રી ભરત પંડ્યા**

-----------

**ભાજપા હંમેશા લોકસેવા, લોકસંપર્ક અને લોકજાગૃતિના કાર્યક્રમો થકી જનતાની વચ્ચે રહેવામાં અગ્રેસર રહ્યુ છે.**

**– શ્રી ભરત પંડ્યા**

-----------

**ભાજપા ઉમેદવારો જાહેર કરવામાં હંમેશા અગ્રેસર રહી છે, જ્યારે ચુંટણીના એક વર્ષ પહેલા ઉમેદવારોનુ લીસ્ટ જાહેર કરી દઈશુનાં બણગાં ફુંકનાર કોંગ્રેસ આજે પણ ઉમેદવારોના નામ જાહેર કરી શકતી નથી, તેના ઉમેદવારોને ખાનગીમાં મેન્ડેટ વહેંચવા મજબૂર બની ગઇ છે.**

**– શ્રી ભરત પંડ્યા**

-----------

**''ફિર એક બાર, મોદી સરકાર'', ''મૈં ભી ચૌકીદાર'' અભિયાન સાથે ભાજપા સોશીયલ મીડિયામાં અગ્રેસર છે જ્યારે જનતા વચ્ચે રહેવામાં તથા ઉમેદવારોના નામ જાહેર કરવામાં કોંગ્રેસ ખૂબ પાછળ છે – શ્રી ભરત પંડ્યા**

-----------

ભાજપા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ ઈલેક્ટ્રોનિક મીડિયાની ઉપસ્થિતિમાં જણાવ્યુ હતુ કે, આજરોજ પ્રદેશ કર્યાલય "શ્રી કમલમ" ખાતે ભાજપા ધ્વારા આગામી લોકસભા ચુંટણી અંતર્ગત પ્રચાર-પ્રસાર અર્થે તૈયાર કરાયેલ કીટનુ નિદર્શન યોજાયું હતું. આ પ્રસંગે પ્રદેશના વરિષ્ઠ નેતા અને કોષાધ્યક્ષ આદરણીય શ્રી સુરેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ પ્રવક્તા શ્રી ભરત પંડ્યા, પ્રદેશ અગ્રણી શ્રી મહેશભાઈ કસવાલા અને પ્રદેશ મિડીયા કન્વીનર શ્રી પ્રશાંત વાળા ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી પંડયાએ જણાવ્યુ હતુ કે, લોકસેવા, લોકસંપર્ક અને લોકજાગૃતિના કાર્યક્રમો થકી જનતાની વચ્ચે રહેવામાં ભાજપા હંમેશા અગ્રેસર રહ્યુ છે. જનસંપર્ક હોય કે લોકમન-લોકસૂચનો માટે ''ભારત કે મન કી બાત, મોદી કે સાથ'' કાર્યક્રમ હોય, કે ઘર-ઘર સંપર્ક અભિયાન કાર્યક્રમ હોય કે યોજના થકી લાભાર્થી સંપર્ક દ્વારા કે કમલદિપ કાર્યક્રમ હોય કે વિધાનસભા સઃ બાઈકરેલી કે લોકસભા સઃ વિજય સંકલ્પ સંમેલન હોય, ભાજપા હંમેશા અગ્રેસર રહ્યું છે.

ભાજપા ઉમેદવારો જાહેર કરવામાં હંમેશા અગ્રેસર રહી છે, જ્યારે ચુંટણીના એક વર્ષ પહેલા ઉમેદવારોનુ લીસ્ટ જાહેર કરી દઈશુનાં બણગાં ફુંકનાર કોંગ્રેસ આજે પણ ઉમેદવારોના નામ જાહેર કરી શકતી નથી. એટલું જ નહીં પરંતુ મીડિયામાં આવતા સમાચારો મુજબ આજે કોંગ્રેસ તેના ઉમેદવારોને ખાનગીમાં મેન્ડેટ વહેંચવા મજબૂર બની ગઇ છે. એક બેઠક પર કોને કેટલા ફોર્મ ભરવાનું કહે છે તે પણ ખબર હોતી નથી.

ભાજપા જનતાની સાથે જનતાની વચ્ચે છે તેવી જ રીતે સોશીયલ મીડિયામાં પણ ''ફિર એક બાર, મોદી સરકાર'', ''મૈં ભી ચૌકીદાર'', જેવા સકારાત્મક અભિયાન સાથે સાત ટેબ્લો રથનું પ્રસ્થાન કરાવ્યું જેમાં કેન્દ્ર તથા રાજ્ય સરકારની જનકલ્યાણકારી સિધ્ધિઓ પ્રેરિત ગીતો દ્વારા પ્રચાર-પ્રસારમાં આગળ છે. તેમજ ભાજપા તેની પત્રિકાઓ મારફતે જનતાને તેના પ્રત્યેક કાર્યોનો હિસાબ આપે છે, જ્યારે ૫૫ વર્ષના શાસનમાં કોંગ્રેસે જનતાને ક્યારેય હિસાબ સુધ્ધાં આપ્યો નથી.

શ્રી ભરત પંડ્યાએ પ્રચાર પ્રસાર અર્થે તૈયાર કરાયેલ કીટ વિશે માહિતી આપતા જણાવ્યુ હતુ કે, શ્રી સુરેન્દ્રકાકાના માર્ગદર્શનમાં વર્ષોથી તૈયાર કરવામાં આવતી ભાજપાની પ્રચાર સાહિત્ય કીટમાં ૫૧ કરતા વધુ વસ્તુઓનો સમાવેશ કરવામા આવેલ છે જેમા મહિલાઓ માટે લેડીઝ પર્સ, પેન્ડલ, બક્કલ, કાંસકા, સાડી પીન, માથાનુ બોરીયુ સહિતની ઘણી બધી વસ્તુઓનો સમાવેશ કરવામા આવ્યો છે. યુવાનો માટે પોકેટ ડાયરી, ટી-શર્ટ, રિસ્ટ બેલ્ટ સહિતની ચીજ વસ્તુઓનો સમાવેશ કરવામા આવ્યો છે. ગરમીથી રક્ષણ મેળવવા માટે ચશ્મા, હાથ પંખા, ટોપી જેવી ચીજવસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, આ ઉપરાંત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહના કટ આઉટ્સ તેમજ ફેસમાસ્ક, ઘરે લગાવવા માટે ભાજપાના ઝંડા, સ્ટીકર, પત્રિકા તેમજ તોરણ જેવી વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુજરાતના તમામ લોકસભા ક્ષેત્રમાં બૂથસઃ કીટનું વિતરણ કરવામાં આવશે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૬ તા. ૦૩.૦૪.૨૦૧૯

-----------

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી**

**તા. ૦૪ એપ્રિલના રોજ બનાસકાંઠા લોકસભા બેઠકના ઉમેદવાર શ્રી પરબતભાઇ પટેલના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.**

-----------

**આવતીકાલે તા.૪ એપ્રિલના રોજ**

**કેન્દ્રિયમંત્રીશ્રી પરસોત્તમભાઇ રૂપાલા આવતીકાલે સુરત લોકસભા બેઠકના ભાજપાના ઉમેદવાર શ્રીમતી દર્શનાબેન જરદોશના નામાંકન પ્રસંગે,**

**કેન્દ્રિયમંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા આવતીકાલે અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકના ભાજપાના ઉમેદવારના નામાંકન પ્રસંગે,**

**નાયબમુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, રાજ્યસરકારના દંડક અને પાટણ લોકસભા બેઠકના ઉમેદવાર શ્રી ભરતસિંહ ડાભી આવતીકાલે મહેસાણા લોકસભા બેઠકના ભાજપાના ઉમેદવાર શ્રીમતી શારદાબેન પટેલના નામાંકન પ્રસંગે**

**નાયબમુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, રાજ્યસરકારના મંત્રીશ્રી દિલીપભાઇ વિરાજી ઠાકોર આવતીકાલે ઉંઝા વિધાનસભા બેઠકના ભાજપાના ઉમેદવારના નામાંકન પ્રસંગે**

-----------

ભાજપા મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત ભાજપાના લોકસભાના ઉમેદવારોના નામાંકન ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે, અત્યાર સુધીમાં ભાજપાના કુલ ૨૨ ઉમેદવારોના નામાંકન ભરવાની પ્રક્રિયા પૂર્ણ થયેલ છે.

આવતીકાલ તા. ૪ એપ્રિલ ૨૦૧૯ના રોજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી તા. ૦૪ એપ્રિલના રોજ બનાસકાંઠા લોકસભા બેઠકના ઉમેદવાર શ્રી પરબતભાઇ પટેલના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.

જ્યારે કેન્દ્રિયમંત્રીશ્રી પરસોત્તમભાઇ રૂપાલા આવતીકાલે સુરત લોકસભા બેઠકના ભાજપાના ઉમેદવાર શ્રીમતી દર્શનાબેન જરદોશના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.

કેન્દ્રિયમંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા આવતીકાલે અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકના ભાજપાના ઉમેદવારના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.

નાયબમુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, રાજ્યસરકારના દંડક અને પાટણ લોકસભા બેઠકના ઉમેદવાર શ્રી ભરતસિંહ ડાભી આવતીકાલે મહેસાણા લોકસભા બેઠકના ભાજપાના ઉમેદવાર શ્રીમતી શારદાબેન પટેલના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.

નાયબમુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, રાજ્યસરકારના મંત્રીશ્રી દિલીપભાઇ વિરાજી ઠાકોર આવતીકાલે ઉંઝા વિધાનસભા બેઠકના ભાજપાના ઉમેદવારના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૭ તા. ૦૩.૦૪.૨૦૧૯

-----------

## લોકસભા ૨૦૧૯ની ચૂંટણી અંતર્ગત પ્રદેશ મીડિયા વિભાગની વિવિધ ટીમોનું ગઠન કરવામાં આવ્યું – શ્રી પ્રશાંતભાઇ વાળા

-----------

ભારતીય જનતા પાર્ટી મીડિયા વિભાગના પ્રદેશ કન્વીનર શ્રી પ્રશાંતભાઇ વાળાએ આગામી લોકસભા ૨૦૧૯ની ચૂંટણીને અનુલક્ષીને આજરોજ ભાજપા મીડિયા વિભાગની જુદી જુદી વ્યવસ્થા ટીમની જાહેરાત કરતા જણાવ્યુ હતુ કે, ઝોન કન્વીનરશ્રીઓ, પ્રદેશ મીડિયા ટીમ, લોકસભા મીડિયા પ્રભારીશ્રીઓ, લોકસભા મીડિયા ઈન્ચાર્જશ્રીઓ તથા પ્રદેશ મીડિયા કાર્યાલય વ્યવસ્થા ટીમ બનાવવા આવી છે. આગામી લોકસભા ૨૦૧૯ની ચૂંટણીની કામગીરી સરળતા પૂર્વક અને અસરકારક રીતે કરી શકાય તે માટે મીડિયા વિભાગની ટીમનું ગઠન કરવામાં આવ્યું છે. ગુજરાત લોકસભાની તમામ ૨૬ બેઠકો પર ભાજપાની જીત નિશ્ચિત છે ત્યારે આ જીતમાં ભાજપા મીડિયા વિભાગ પણ અસરકારક રીતે કાર્ય કરી પોતાની સહભાગીતા નોંધાવશે.

વધુમાં શ્રી વાળાએ જણાવ્યુ હતુ કે, ભાજપા મીડિયા વિભાગ ફક્ત પાર્ટીના પ્રચાર-પ્રસારનું જ કામ નથી કરતું, પરંતુ કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની વિવિધ પ્રજાલક્ષી કલ્યાણકારી યોજનાઓ કે જેનો સીધેસીધો લાભ પ્રજાને મળે છે તે તમામ યોજનાઓ જનજનસુધી પહોંચાડવા માટે ભાજપા મીડિયા વિભાગ પ્રતિબધ્ધ છે. ભાજપા માટે સત્તા હંમેશા સેવાનું સાધન રહ્યુ છે. ભાજપા માટે અંતિમ લક્ષ્ય સત્તા નહીં પરંતુ સેવા છે. ભાજપા ક્યારેય વોટબેંકની રાજનીતિ કરતી નથી પરંતુ ભાજપા તમામ સમાજ અને વર્ગોનો સર્વાંગી વિકાસ થાય તે દિશામાં પ્રજાકલ્યાણના કાર્યો નિરંતર કરવા માટે ભાજપાના લાખો કાર્યકર્તાઓ કાર્યરત છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર તથા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વવાળી રાજ્ય સરકારની વિવિધ પ્રજાલક્ષી કલ્યાણકારી યોજનાઓ જનજન સુધી અસરકારક રીતે પહોંચાડવા માટે ભાજપા મીડિયા વિભાગ માધ્યમ બનીને વધુ અસરકારક રીતે કાર્ય કરી શકે તે માટે ભાજપા મીડિયા વિભાગ દ્વારા જુદી જુદી વ્યવસ્થા ટીમ બનાવવામાં આવી છે જેની યાદી આ સાથે pdf ફાઇલ સ્વરૂપે સામેલ છે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ